ગાંધીનગર સમાચાર

# મહેસાણા જેલભરો આંદોલનનો ઊંઝામાં પડઘો : પોલીસ પર પથ્થરમારો

## જાહેર રસ્તાઓ પર અડચણો મુકી મિલકતોને નુકશાન કરવાનો પ્રયાસ

ઊંઝા, તા. ૧૮

ગઈકાલે મહેસાણા ખાતે જેલ ભરો આંદોલન હિંસક બનતા તેનો પડઘો ઊંઝા સહેરમાં પણ પડ્યો હતો. ઊંઝા ખાતે સરદાર ચોક અને ભરતનગર નાળા પાસે એકત્ર થયેલ ટોળાઓએ જાહેર માર્ગમાં ટાયરો સળગાવી અડચણો મુકી વાહનો તથા જાહેર મિલ્કતોને નુકશાન કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સંદર્ભે પોલીસે કુલ સાત ઈસમોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મહેસાણામાં પાટીદારોનું જેલભરો આંદોલન હિંસક બનતા સ્થિતિ બેકાબુ બની હતી. આ ઘટનાના જિલ્લાના અન્ય કેટલાક વિસ્તારોમાં પડઘા પડ્યા હતા. જેમાં ઊંઝા શહેરમાં સાંજના સમયે સરદાર ચોક વિસ્તારમાં રેલવેના અન્ડરબ્રિજમાં જવાના માર્ગ પર ગેરકાયદેસર મંડળી રચીને માણસોનું ટોળુ ભેગુ થયુ હતુ. ટોળાએ રસ્તામાં આડશો મુકી રસ્તો બંધ કરી દીધો હતો. તેમજ ટાયરો પણ સળગાવ્યા હતા. જેની સ્થાનિક પોલીસને જાણ થતાં પોલીસ આવી પહોંચી હતી અને પોલીસકર્મીઓ આડશો દૂર કરતા હતા ત્યારે ટોળાના માણસોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. જેથી ટોળાને વિખેરવા પોલીસો ટીયરગેસના ત્રણ સેલ છોડીને સ્થિતિને કાબુમાં લીધી હતી. બાદ પોલીસે ટોળા પૈકીના નાસવા જતા કેટલાક શખ્સોને ઝડપી લઈ તેઓની પાસેથી પાંચ દ્વિચક્રી વાહનો, છ જેટલા મોબાઈલ ફોન કબજે કર્યા હતા.

આ બાબતે એ.એસ.આઈ. સરદારજી અણદાજીની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે સાત આરોપીઓના નામ જોગ સહિત ૨૫ માણસોના ટોળા વિરૂદ્ધ ગેરકાયદેસર મંડળી રચી જાહેર માલ મિલ્કતને નુકશાન કરવા, પોલીસ પર પથ્થરમારો કરી ફરજમાં રૂકાવટ કરવા બાબતે ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

### ઊંઝા શહેર સંપૂર્ણ બંધ

મહેસાણામાં પાટીદારોના જેલભરો આંદોલનમાં પાટીદારો પર કથિત પોલીસ દમનના વિરોધમાં ગુજરાત બંધના અપાયેલ એલાન મુજબ આજે વેપારી મથક ઊંઝા શહેરમાં સંપૂર્ણ બંધ પળાયો હતો. શહેરમાં મુખ્ય માર્કેટયાર્ડ સહિત અન્ય બજારો, શૈક્ષણિક સંસ્થાઓ, ઔદ્યોગિક એકમો વિગેરે બંધ રહ્યા હતા. આજે બંધને પગલે ઓટોરીક્ષાઓ પણ બંધ રહી હતી. આ ઉપરાંત ઊંઝા એસ.ટી. ડેપો સંચાલિત શહેરી અને ગ્રામ્ય વિસ્તારનો તમામ એસ.ટી. બસ વ્યવહાર બંધ રાખવામાં આવ્યો હતો. જેથી ઘણા મુસાફરો અટવાયા હતા.



### ખેડબ્રહ્મામાં ગુજરાત બંધની કોઈ અસર નહી

ગુજરાતમાં પાટીદારો દ્વારા ચાલતા અનામત આંદોલનના આગેવાનોએ સોમવારે ગુજરાત બંધનું એલાન આપવામાં આવ્યું હતું તેની ખેડબ્રહ્મામાં કોઈ અસર જોવા મળી ન હતી. બજાર રાબેતા મુજબ ચાલુ હતા. લોકોની અવર-જવર ઉપર પણ કોઈ અસર જોવા મળી ન હતી. શાળા - કૉલેજો ચાલું રહ્યા હતા. જોકે ગુમાસ્તા ધારા હેઠળ અઠવાડીક રજા સોમવારે હોવાથી દુકાનો બંધ રહેવા પામી હતી.









### બનાસકાંઠામાં બંધને મિશ્ર પ્રતિસાદ : પાલનપુરમાં અનેક વિસ્તારમાં સજ્જડ બંધ પળાયો

મહેસાણામાં જેલ ભરો આંદોલન સંદર્ભે થયેલા હિંસાત્મક ઘટનાઓને લઈ પાસ દ્વારા ગુજરાત બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જેને સમગ્ર બનાસકાંઠામાં મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. બનાસકાંઠા જિલ્લાના પાલનપુર સહિત મોટા ભાગના વિસ્તારોમાં બંધને પગલે પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જ્યારે કલેક્ટર અને જિલ્લા પોલીસ વડા દ્વારા કોઈ ઘટના ન ઘટે તે માટે તમામ ગતિવિધિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે અને મોબાઈલ, ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી હતી. શાળા કોલેજોમાં પરીક્ષા રાબેતા મુજબ લેવામાં આવી હતી. પાલનપુર સહિતના વિસ્તારમાં બંધને મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં પાટીદાર બંધની નહિવત અસર

## બાયડના આંબલીયારામાં બસના કાચ તોડ્યા : ૨૫ સામે રાયોટીંગનો ગુન્હો દાખલ

મોડાસા, તા. ૧૮

પાટીદાર અનામત આંદોલને રવિવારે ફરીથી હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. એસપીજીના જેલભરો કાર્યક્રમ દરમિયાન પાટીદારો અને પોલીસ સામસામે આવી જતા મામલો વણસ્યો હતો. એસપીજીના અધ્યક્ષ લાલજી પટેલને પણ માથામાં ઈજા થતા લોહીલુહાણ થઈ ગયા હતા તેમજ મહેસાણા જિલ્લામાં પાટીદારોએ બસો સળગાવતા ઉગ્ર આંદોલન હિંસક બન્યું હતું. પોલીસ અને પાટીદારો સામસામે પથ્થરમારો કરતા અને ટીયરગેસના સેલ છોડતા પોલીસ દમન સામે પાટીદારોએ સમગ્ર ઉત્તર ગુજરાત બંધનું એલાન આપ્યુ હતું.

અરવલ્લી જિલ્લામાં પાટીદાર બંધની નહિવત અસર જોવા મળી હતી. જિલ્લાના બાયડ તાલુકાના આંબલિયારા ગામમાં પાટીદારોએ બસના કાચ તોડ્યા હતા જ્યારે અન્ય વિસ્તારોમાં શાંતિપૂર્વક માહોલ અને જનજીવન અને બજારોમાં સ્થિતિ સામાન્ય જોવા મળી હતી. એસપીજીના બંધના એલાનની અરવલ્લી જિલ્લામાં હવા નીકળી ગઈ હતી.



મહેસાણામાં જેલભરો આંદોલન બાદ ફાટી નીકળેલ હિંસાના પગલે આ હિંસાની અસર અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના આંબીલાયારા ગામ નજીકથી પસાર થતી અમદાવાદથી બાયડ તરફ જતી બસ પર મોડી રાત્રે બસ પર પથ્થરમારો કરી બસના કાચ તોડી નાખી બસને નુકશાન પહોચાડ્યુ હતુ. બસ પર થયેલા પથ્થરમારાની જાણ પોલીસને થતા તાબડતોડ પોલીસ ઘટનાસ્થળે પહોંચી બસને પોલીસ સ્ટેશન લઈ આવી હતી અને બસના કંડકટર દ્વારા ૨૫ શખ્સો સામે ફરિયાદ નોંધાવાતા આંબલિયારા પોલીસે ૨૫ લોકોના ટોળા સામે રાયોટીંગનો ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

### રવિવારે રાત્રે બાયડ-દહેગામ રોડ પર ટાયર સળગાવી, થાંભલાની આડશ કરી રસ્તો બંધ કરાયો બાયડ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક પૂર્વરત કરાયો



બાયડ-દહેગામ રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા ચોઈલા અને તેનપુર પાસે પાટીદારોના ટોળાએ એકઠા થઈ રસ્તા પર ટાયરો સળગાવી તેમજ વૃક્ષો કાપી રોડ પર આડાશ કરી દેતા બાયડ-દહેગામ રોડ પર ચક્તાજામ કરતા ૧ કલાક સુધી રસ્તાની બન્ને બાજુ તરફથી આવતા વાહનો રોડ પર અટકી જતા ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. આ અંગેની જાણ બાયડ પોલીસને થતા પોલીસનો કાફલો તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી જઈ રસ્તા પર રાખેલા ઝાડ અને સળગાવેલા ટાયરો હટાવી રસ્તો ખુલ્લો કરાવતા ટ્રાફિક પૂર્વરત બન્યો હતો. બાયડ પોલીસ દ્વારા સમગ્ર વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ હાથ ધરી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારી લીધી હતી. જિલ્લાના મોડાસા, બાયડ, ભીલોડા, ધનસુરા, મેઘરજ, માલપુર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં બજાર ખુલ્લા રહ્યા હતા અને લોકોની અવર-જવર પણ રાબેતા મુજબ રહી હતી.

### રામનવમી પર્વે હિંમતનગરમાં શોભાયાત્રા નીકળી

પ્રાંતિજ, તા. ૧૮

હિંમતનગરમાં રામનવમી પર્વે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ભગવાન શ્રીરામની ભવ્ય શોભાયાત્રા શહેરના મહેતાપુરા સ્થિત રામજી મંદિર ખાતેથી નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

આ શોભાયાત્રાનો પ્રારંભ નગરપાલિકા પ્રમુખ નીલાબેન પટેલ, જયંતિભાઈ પટેલ અને ભરતભાઈ રાવલ દ્વારા કરવામાં આવ્યો હતો. શહેરના યુવાનોએ બાઈક પર વિશાળ રેલી કાઢી હતી. અને જયશ્રી રામના ગગનભેદી નાદ બોલાવી વાતાવરણ ગજવી નાખ્યું હતું.

મોટી સંખ્યામાં ગાયત્રી પરિવારની બહેનો પણ જોડાઈ હતી. જ્યારે કાર્યક્રમને સફળ બનાવવા નટુભાઈ બારોટ, અરવિંદ ખમાર, દિલીપભાઈ ચૌધરી વગેરે જહેમત ઉઠાવી હતી.

# બાયડના નવા ઉંટરડા ગામે ડેન્ગ્યુ રોગનો આંતક

બાયડ, તા. ૧૮

બાયડ તાલુકાના નવા ઉંટરડા ગામમાં ડેન્ગ્યુના એક ડઝન કેસ કરતા વધુ બહાર આવતા આરોગ્યતંત્ર નાજુક અવસ્થામાં મુકાયું છે.

નવા ઉંટરડામાં પ્રથમવાર ડેન્ગ્યુના ડઝન જેટલા કેસ નોંધાતા ગ્રામજનો ભય હેઠળ જીવી રહ્યા છે. વારંવાર ચોઈલા, આંબલીયારા, જીતપુર, તેનપુર, રમોસ અને નવા ઉંટરડા ગામોમાં દુષિત પાણી અને ગામોમાં ગંદકીના ઢગલે ઢગલાથી ફેલાતા રોગોને કારણે ખાનગી હોસ્પિટલમાં દર્દીઓને દાખલ કરવા પડે છે. એનું કારણ આરોગ્ય વિભાગમાં અપુરતા સ્ટાફના કારણે અને જ્યાં આરોગ્ય વિભાગમાં સ્ટાફ છે ત્યાં અપુરતી હાજરીના કારણે ગરીબ દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં દવાઓ કરાવી પડે છે. રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા સ્ટાફની ભરતી કરવામાં આવે છે અને જ્યાં સ્ટાફ છે ત્યાં ઓચીંતી રેડ પાડી સરકારનો મફત પગાર લેનાર ડૉક્ટરોને સસ્પેન્ડ કરવામાં આવે તો આજુબાજુના ગામોની પ્રજાને ખાનગી હોસ્પિટલમાં જવું ન પડે અને મફત અને સારૂ આરોગ્ય તપાસણી સરકારી હોસ્પિટલમાં થાય તે માટે આ પગલુ રાજ્ય સરકાર ક્યારે ભરશે ? ડેન્ગ્યુની ઝપેટના આવેલા દર્દીઓ બાયડ અને દહેગામની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. છેલ્લા કેટલાક સમયથી ડેન્ગ્યુનું પ્રમાણ જિલ્લામાં ચિંતાભર્યુ વાતાવરણ ઉભું કર્યું છે. ત્યારે આરોગ્ય વિભાગ મો ઉપર હાથ મુકીને બેઠુ છે.







પાલનપુરમાં શિવશક્તિ પગપાળા સંઘ દ્વારા છેલ્લા ૩ વર્ષથી ૧૦૮ હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરાય છે. જેના પગલે આસપાસના વિસ્તારના લોકો ભક્તિભાવ પૂર્વક સત્સંગમાં જોડાયા હતા. પાલનપુરના શિવશક્તિ પગપાળા સંઘ દ્વારા સવારે ૭ થી સાંજે ૭ સુધી હનુમાન ચાલીસા કરાઈ હતી. આ વિસ્તારમાં છેલ્લા ૩ વર્ષથી થઈ રહેલા અખંડ હનુમાન ચાલીસાના પગલે સ્થાનિકો પણ ભક્તિભાવનો વધારો થયો છે તેમજ આજે પણ હનુમાન ચાલીસામાં મોટી સંખ્યામાં લોકો ભાગીદાર બન્યા હતા તેમજ ભક્તિભાવ પૂર્વક થઈ રહેલા હનુમાન ચાલીસા પાઠમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### પાલનપુર પ્રા. શાળાના બાળકોને મુખ્યમંત્રીના સલાહકાર તરફથી ગણવેશનું વિતરણ

પાલનપુર, તા. ૧૮

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે મુખ્યમંત્રીશ્રીના સલાહકાર બી.એન. નવલાવાલા તરફથી પોતાના સ્વ. સુપુત્ર હિરકના સ્મરણાર્થે તીનબત્તી, બહાદુરગંજ વિસ્તારમાં આવેલ બ્રાન્ચ કન્યા શાળામાં તમામ વિદ્યાર્થીનીઓને ગણવેશ તથા મીઠાઈના ડબ્બા વિતરણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે નવલાવાલાએ બાળકોને સુખમય ભવિષ્યઓની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે શાળાની શૈક્ષણિક પ્રગતિ વિશે સંતોષ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે કલેક્ટર દિલીપ રાણા તરફથી શાળામાં તિથિ ભોજન આપવામાં આવ્યું હતું.